| PUBLICATION NAME : | Gandhinagar Samachar |
|---|---|
| EDITION : | Gandhinagar |
| DATE : | 05/12/23 |
| PAGE : | 3 |

### ઈ.ડી.આઈ., અમદાવાદ અને એસ.બી.આઈ. ફાઉન્ડેશન દ્વારા

# દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોના ધંધાના વિકાસ માટેનો તાલીમ કાર્યક્રમ બહિયલ, દહેગામ ખાતે યોજાયો




ગાંધીનગર, તા. ૫

ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન, અમદાવાદ તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ફાઉન્ડેશન, મુંબઈના સહયોગથી દિવ્યાંગ ઉદ્યોગ સાહસિક દ્વારા ચલાવવામાં આવતા ધંધાની વૃદ્ધિ થાય તે હેતુથી ૧૨ દિવસના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમ તા. ૨૪-૧૧-૨૩થી શરૂ કરવામાં આવ્યો હતો અને તા. ૮-૧૨-૨૩ દરમ્યાન ગ્રામ બહિયલ, દહેગામ ખાતે યોજાશે. આ તાલીમ કાર્યક્રમમાં કુલ ૨૬ દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકો આ તાલીમ મેળવી રહ્યા છે. આ તાલીમ કાર્યક્રમમાં ધંધાના વિકાસ અને સરકારની અને બેંકની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી રહી છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ અમિત દ્વિવેદી, પ્રોજેક્ટ ડાયરેક્ટર, ઈ.ડી.આઈ.આઈ. અને પ્રિયંકા પટેલ, પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર, ઈ.ડી.આઈ.આઈ. દ્વારા કરવામાં આવ્યું છે.